# સુરત મહાનગરપાલિકા

# ''જાહેરનામું''

* * *

હાલમાં, વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન ધ્વારા વેશ્વિક મહામારી જાહેર કરેલ. ભારતમાં પણ COVID-19 ના કેસો નોંધાયેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી ધ્વારા સમાંયતરે નોવેલ કોરોના વાયરસ COVID-19 ની ફેલાતો અટકાવવામાં માટે વિવિધ માર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવેલ છે. સુરત શહેરમાં સંક્રમણને ધ્યાને લેતાં તકેદારીના ભાગરૂપે ઝાંપાબજાર વિસ્તારમાં છુટક શાકભાજી, ફળો તથા અન્ય ચીજવસ્તુઓનું વેચાણ કરવામાં આવે છે. પરિણામે ખુબ જ વિશાળ સંખ્યામાં લોકો ભેગા થાય છે. જેથી કોરોના વાયરસને કારણે જે SOCIAL DISTANCING જળવાવું જોઈએ તે જળવાતું નથી. જેથી કોરોના વાયરસ COVID-19 નું સંક્રમણ ફેલાવાની ઘણી શકયતાઓ રહેલી છે.

હું આથી હું, બંછાનિધિ પાની, IAS કમિશ્નર, સુરત મહાનગરપાલિકા, સુરત. ગુજરાત રાજય એપેડેમિક ડીઝીસ એકટ–૧૮૯૭ ની કલમ નં.૨,૩ અને ૪ થી પ્રાપ્ત સત્તા અન્વયે તથા ગુજરાત રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક નં.NCV/102020/SF-1/G, Dt.20/03/2020 ના પેરા–૧૧ થી મળેલ અધિકારની રૂએ **સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોનમાં આવેલ ''ઝાંપાબજાર વિસ્તારની તમામ માર્કેટો'' આજ તા.૦૫/૦૪/૨૦૨૦ થી આગામી તા.૧૪/૦૪/૨૦૨૦ સુધી સંદતર બંધ રાખવાનું તથા ઉપરોકત વિસ્તારમાં રહેતા લોકોને ફરજીયાત હોમ કોરોન્ટાઈનમાં રહેવા હુકમ કરુ છું.**

ઉપરોકત હુકમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે, અન્યથા સદર હુકમનામાનો અનાદર કરનારની સામે ઈન્ડિયન પિનલ કોડ ની કલમ–૧૮૮ તથા એપેડેમિક ડીઝીસ એકટ–૧૮૯૭ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**કમિશનર**
**સુરત મહાનગરપાલિકા**